सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ : | ૧૯ | ૦૩ | ૨૦૨૧ |
| નિકાલ તારીખ : | ૩૦ | ૦૩ | ૨૦૨૬ |
| **સમય અવધિ :** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | **૦૫** | **૦૦** | **૧૧** |

**મે. અંકલેશ્વરનાં એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ (શ્રી વી. આર. સોલંકી ) સાહેબની કોર્ટમાં , અંકલેશ્વર , જી.ભરૂચ.**

**ક્રિમીનલ કેસ નં.૧૩૦૭/૨૦૨૧**

**આંક–**

**::ફોર્મ–એ::**

**એડી.ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ (વી.આર.સોલંકી) સાહેબની કોર્ટ,**
**મુ.અંકલેશ્વર,જિલ્લો ભરૂચ**
હુકમની તારીખ:– ૩૦/૦૩/૨૦૨૬
**ક્રિમીનલ કેસ નં. ૧૩૦૭/૨૦૨૧**

| | |
|---|---|
| **પોલીસ સ્ટેશન** | અંકલેશ્વર શહેર પો.સ્ટે. તા.અંકલેશ્વર, જી.ભરૂચ |
| **ગુન્હો** | પ્રોહીબીશન એકટ કલમ ૬૫એ,ઈ,૮૧મુજબ |
| **ફરીયાદી** | શ્રી સરકાર |
| **ફરીયાદી તરફે** | વિ.એ.પી.પી. શ્રી એસ. વી. પટેલ |

**–:: વિરૂધ્ધ ::–**

| | |
|---|---|
| **આરોપી** | (૧) કેશવભાઈ ઉર્ફે કિશોર શ્રી રંગ ગીતે,<br>રહે.હાલ–મંગલમુર્તિનગર ઘર નં–૧૧૩ તુંગાર ફાટા, વસઈ, મુંબઈ મહારાષ્ટ્ર મુળ રહે–ગીતેવાડી પોસ્ટ–ધનગર જવલકા તા–પાટોદા જી–બીડ મહારાષ્ટ્ર.<br>(૨) જ્ઞાનેશ્વર તુકારામ નિંબાળકર,<br>રહે. ગીતેવાડી પોસ્ટ–ધનગર જવલકા તા–પાટોદા જી–બીડ મહારાષ્ટ્ર. |

| | |
|---|---|
| **આરોપી તરફે** | વિ.વકીલશ્રી– બી.એમ.પટેલ. |

**::ફોર્મ–બી::**

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ | તા.૦૪/૧૨/૨૦૨૦ |
| એફ.આઈ.આરની તારીખ | તા.૦૪/૧૨/૨૦૨૦ |
| ચાર્જશીટ દાખલ થયાની તારીખ | તા.૧૫/૦૩/૨૦૨૧ |
| તહોમતનામાની તારીખ | તા.૦૫/૦૯/૨૦૨૪ |
| પુરાવો શરૂ થયાની તારીખ | તા.૧૮/૦૯/૨૦૨૪ |
| હુકમ ઉપર લીધેલાની તારીખ | તા.૩૦/૦૩/૨૦૨૬ |
| હુકમ જાહેર કર્યા તારીખ | તા.૩૦/૦૩/૨૦૨૬ |
| સજાનો હુકમ જાહેર કર્યા તારીખ | – |

**::આરોપી ની વિગત::**

| | |
|---|---|
| આરોપીનો ક્રમ | (૨) |
| આરોપીનુ નામ | (૧) કેશવભાઈ ઉર્ફે કિશોર શ્રી રંગ ગીતે,<br>(૨) જ્ઞાનેશ્વર તુકારામ નિંબાળકર, |
| ધરપકડ કર્યા તારીખ | આરોપી નં.૧ તથા ૨ તા.૦૫/૧૨/૨૦ |
| જામીન મુકત કર્યા તારીખ | આરોપી નં.૧ તથા ૨ તા.૧૧/૧૨/૨૦ |
| કયો ગુન્હો નોધાયેલ | પ્રોહીબીશન એકટ કલમ ૬૫એ,ઈ,૮૧મુજબ |
| છોડી મુકેલ કે સજા કરેલ | છોડી મુકેલ |
| સજા કર્યાની વિગત | – |
| ક્રિ.પો.કોડની કલમ ૪૨૮ મુજબ ન્યાયિક કાર્યવાહી દરમ્યાન જેલમા | – |

| | |
|---|---|
| રહેલ સમય | |

**::ફોર્મ સી::**

**એ–ફરિયાદપક્ષે તપાસેલ સાહેદોના પુરાવાની યાદી**

| ક્રમ. | સાહેદનુ નામ | સાહેદનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૧ | બહાદુરભભાઇ નાથુભાઈની જુબાની | પંચ સાહેદ | ૧૦ |
| ૨ | કલ્પેશભાઇ કનૈયાલાલની જુબાની | પંચ સાહેદ | ૧૨ |
| ૩ | ચંદ્રકાંત શંકરભાઈની જુબાની | ત.ક.અ | ૨૧ |
| ૪ | પરેશભાઇ ગોવિંદભાઈની જુબાની | ફરીયાદી | ૧૯ |

**બી– આરોપીપક્ષે તપાસેલ સાહેદોના પુરાવાની યાદી:– સાહેદો તપાસેલ નથી.**
**સી– અદાલતે તપાસેલ સાહેદોના પુરાવાની યાદી:– સાહેદો તપાસેલ નથી.**

**એ– ફરીયાદપક્ષ ધ્વારા આપવામા આવેલ દસ્તાવેજી પુરાવાઓને આંકની યાદી**

| ક્રમ | આંક | વર્ણન |
|---|---|---|
| ૧. | ૧૧ | પંચનામુ |
| ૨. | ૨૨ | એફ.આઈ.આર. |
| ૩. | ૨૦ | ફરીયાદ |

**બી– બચાવપક્ષ ધ્વારા આપવામા આવેલ દસ્તાવેજી પુરાવાઓને આંકની યાદી:– પુરાવા રજુ નથી.**
**સી– અદાલત ધ્વારા આપવામા આવેલ દસ્તાવેજી પુરાવાઓને આંકની યાદી:– પુરાવા રજુ નથી.**
**ડી– અદાલત સમક્ષ લેવામા આવેલ તકરારો તથા તેનુ વર્ણન:– નથી.**

**–::ચુ કા દો ::–**

**(૧)** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા–૦૪/૧૨/૨૦૨૦ ના રોજ કલાક–૧૭/૦૫ થી ૧૯/૨૦ દરમ્યાન મોજે મુલદ ટોલટેક્ષ ઉપર અંકલેશ્વર

થી ભરૂચ તરફ જવાના રોડ ઉપર ટોલટેક્ષ પાસ કર્યા બાદ જાહેર રોડ ઉપર તા–અંકલેશ્વર મુકામેથી આ કામના પકડાયેલ આરોપી નં–(૧) કેશવભાઈ ઉર્ફે કિશોર S/O શ્રીરંગ ગીતે ઉ.વ.૨૪ રહે હાલ મંગલમુર્તિનગર ઘર નં–૧૧૩, તુંગાર ફાટા, વસઈ, મુંબઈ મહારાષ્ટ્ર મુળ રહે–ગીતેવાડી પોસ્ટ ધનગર જવલકા તા–પાટોદ જી–બીડ મહારાષ્ટ્ર તથા નં–(૨) જ્ઞાનેશ્વર તુકારામ નિંબાળકર ઉ.વ.–૨૧ રહે.– ગીતેવાડી પોસ્ટ ધનગર જવલકા તા–પાટોદા જી–બીડ મહારાષ્ટ્ર નાઓએ ગુજરાત રાજયમાં દારૂબંધીનો અમલ હોવાનું જાણાવા છતા પોતાન આર્થિક ફાયદા સારૂ પરપ્રાંતમાંથી ગે.કા.વગર પાસ પરમીટે ભારતીય બનાવટના વિદેશી દારૂ તથા બિયર ટીન મળી બોટલો નંગ–૮૪ કુલ કિંમત રૂપિયા–૨૬,૪૦૦/– નો પ્રોહી મુદદામાલ વેચાણ કરવા સારૂ લઈ આવી એકબીજાની મદદગારી કરીપ્રોહીબીશન એકટ કલમ ૬૫,એ,ઈ, ૮૧ મુજબ ગુનો કરેલ હોય, તે અંગેની ફરીયાદીએ સબંધિત પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપતા તેના આધારે પોલીસ તપાસના અંતે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાતા ઉપરોકત ગુન્હા સબબ હાલનું ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે.

(૨) આરોપી સામે ઉપરોકત ગુન્હાનું સંજ્ઞાન લઈ, સમન્સ કરવામાં આવતા અને આરોપી નં. ૧ થી ૨ કોર્ટ સમક્ષ ઉપસ્થિત થતા, આરોપીઓને ક્રિ.પો.કોડની કલમ ૨૦૭ મુજબ ચાર્જશીટ તથા પોલીસ પેપર્સની નકલો વિના મૂલ્યે મળી ગયાની ખાત્રી કર્યા બાદ, આંક–૭ થી તહોમતનામુ ફરમાવી, આરોપી નં. ૧થી ૨ ની આંક–૮ થી આંક–૯ સુધી પ્લી રેકર્ડ કરવામાં આવતા અને તેમાં આરોપીઓએ ગુનો કબુલ હોવાનો ઈન્કાર કરતા કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ઉપરોકત મુજબનો પુરાવો રજુ થયા બાદ ફરીયાદપક્ષ તરફે મૌખિક રીતે પુરાવો પુરો થયાનું જાહેર કરવામાં આવતા, આ કામે ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ પુરાવા અન્વયે આરોપીનુ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવા જેટલો પુરાવો જણાઈ આવતો હોય આરોપીનુ વિશેષ નિવેદન નોંધવામા આવેલ છે. ત્યારબાદ ફરીયાદ પક્ષ તરફે વિ. એ .પી .પી. શ્રી તથા આરોપી તરફે વિ.વ.શ્રી ની મૌખિક દલીલો સાંભળી.

(૪) સબબ, ઉપરોકત હકીકતે આ કેસના આખરી નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે:–

**–:: મુ દા ઓ ::–**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબીત કરે છે કે, તા–૦૪/૧૨/૨૦૨૦ ના રોજ કલાક–૧૭/૦૫ થી ૧૯/૨૦ દરમ્યાન મોજે મુલદ ટોલટેક્ષ ઉપર અંકલેશ્વર થી ભરૂચ તરફ જવાના રોડ ઉપર ટોલટેક્ષ પાસ કર્યા બાદ જાહેર રોડ ઉપર તા–અંકલેશ્વર મુકામેથી આ કામના પકડાયેલ આરોપી નં–(૧) કેશવભાઈ ઉર્ફે કિશોર S/O શ્રીરંગ ગીતે ઉ.વ.૨૪ રહે હાલ મંગલમુર્તિનગર ઘર નં–૧૧ ૩, તુંગાર ફાટા, વસઈ, મુંબઈ મહારાષ્ટ્ર મુળ રહે–ગીતેવાડી પોસ્ટ ધનગર જવલકા તા–પાટોદ જી–બીડ મહારાષ્ટ્ર તથા નં–(૨) જ્ઞાનેશ્વર તુકારામ નિંબાળકર ઉ.વ.–૨૧ રહે.– ગીતેવાડી પોસ્ટ ધનગર જવલકા તા–પાટોદા જી–બીડ

મહારાષ્ટ્ર નાઓએ ગુજરાત રાજયમાં દારૂબંધીનો અમલ હોવાનું જાણાવા છતા પોતાન આર્થિક ફાયદા સારૂ પરપ્રાંતમાંથી ગે.કા.વગર પાસ પરમીટે ભારતીય બનાવટના વિદેશી દારૂ તથા બિયર ટીન મળી બોટલો નંગ–૮૪ કુલ કિંમત રૂપિયા–૨૬,૪૦૦/– નો પ્રોહી મુદદામાલ વેચાણ કરવા સારૂ લઈ આવી એકબીજાની મદદગારી કરી,પોહીબીશન એકટ કલમ–૬૫ એ,ઈ,૮૧ મુજબ શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

(૨) શું હુકમ ?

**(૫)** ઉપરોકત મુદાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારાત્મક,

(૨) આખરી હુકમ મુજબ.

**(૬)** ઉપરોકત મુદાઓના નિર્ણયના મારા કારણો નીચે મુજબ છે.

**–:: કા ર ણો ::–**

**મુદા નં. ૧:–**

**(૭)** આરોપી સામે હાલનો કેસ ફોજદારી કેસ છે, ત્યારે ફોજદારી ન્યાયશાસ્ત્રના મુળભુત સિધ્ધાંત મુજબ ફરિયાદપક્ષે આરોપીઓ સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે અને જયાં સુધી આરોપીઓ સામે ગુનો સાબિત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તે રીતે અનુમાન કરવુ જોઈએ. વધુમાં ફરિયાદપક્ષ આરોપીઓ સામે જે આક્ષેપ સાબિત કરવા માંગતા હોય તે આક્ષેપ

ફરિયાદ પક્ષે તેના સકારાત્મક પુરાવાથી, શંકાથી પર સાબિત કરવુ જોઈએ.

**(૮) ફરીયાદપક્ષે આંક–૧૦ થી પંચ સાહેદ બહાદુરભાઈ નાથુભાઈ તથા આંક– ૧૨ થી પંચ સાહેદ કલ્પેશભાઈ કનૈયાલાલ ચોબેને તપાસેલ છે.** સદર પંચ સાહેદ પોતાની કોર્ટ રૂબરૂની સોગંદ પરની જુબાની દરમ્યાન પોતાની સરતપાસમાં આંક–૧૧ સુધી રજુ થયેલ પંચનામામાં પોતાની સહી સીવાયની અન્ય કોઈ હકીકતને લેશમાત્ર સમર્થન કરી શકેલ ન હોય જેથી ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી દ્રારા સદર સાહેદને હોસ્ટાઈલ જાહેર કરી કોર્ટની પરવાનગીથી સદર સાહેદની વિગતવાર ઉલટતપાસ કરવામાં આવેલ છે. તેમ છતા સદર સાહેદની ઉલટ તપાસ દરમ્યાન સદર સાહેદની સરતપાસમાં જણાવેલ હકીકતથી વિશેષ કે ફરીયાદપક્ષના કેસને મદદરૂપ બની શકે તે મુજબની કોઈ હકીકત રેકર્ડ પર આવી શકેલ નથી.

**(૯) ફરીયાદપક્ષે આંક–૨૧ થી ત.ક.અ. ચંદ્રકાંત શંકરભાઈને તપાસેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે,** ગઈ તા.૦૪–૧૨–૨૦ ના રોજ અમો એલસીબી ભરૂચ ખાતે અહેકો તરીકે ફરજ બજાવતા હતા તે સદરમીયાન પીએસઆઈ બરંડા સાહેબ નાઓ સાથે અમો તથા અન્ય પોલસના મણસો એલસીબી કચેરી ખાતે હાજર હતા તે વખતે પરેશભાઈ તથા સાથેના અપકો મેહુલભાઈ નાઓને સંયુકત રીતે બાતમી હકીકત મળેલ કે, ભરૂચ મુલત ટોલ ટેક્ષ ઉપર અંકલેશ્વરથી ભરૂચ જવના રોડ ઉપર ટોલ ટેક્ષ પાસ કર્યા બાદ રોડની સાઈડમા એક ભાવના રોડવેઝ નામની ટ્રક પડેલ છે જે ટ્રકની બાજુમા બે ઈશમો મીણીયા થેલામા કાંઈક શંકાસ્પદ લઈને ઉભેલ છે તે બાતમી આધારે પીએસઆઈ શ્રીને બાતમી હકીકતથી વાકેફ કરેલ ત્યાર બાદ પીઆઈ શ્રી એલસીબી ભરૂચના માર્ગ દર્શન આધારે બાતમી હકીકતથી પોલીસના માણસોને વાકેફ

કરી સાથેના અહેકો દીલીપભાઈ નાઓને બે પંચોના માણસોને બે પંચોના માણસોને બોલાવવાનું કહેતા તે બોલાવી લાવેલા જેઓને બાતમી હકીતકથી વાકેફ કરી બે અલગ અલગ વાહનોમા બેસી બાતમી વાળી જગ્યાએ પહોંચેલા તેઓને વારાફરથી નામઠામ પુછતા કેશવભાઈ ઉર્ફે કીશોર શ્રીરંગ તથા ગ્યનેશ્વર તુકારામ બંને રહે. મહારાષ્ટ્રાના હોવાનું જણાવેલ તેઓ પાસે મીણીયા કોથડામા તપાસતા જુદા જુદા બોક્ષમા વીદેશી દારુ મળી આવેલ જેથી તે તમામ મુદ્દામાલ વાહનમા મુકી અંકલેશ્વર એલસીબી પો.સ્ટે. ખાતે મોકલી આપેલ જે પંચો રૂબરૂ જોતા તે ભારતીયા બનાવટના વિદેશી દારૂની બોટલો હતી જે ૬૦ નંગ એકની કિ રૂા.૪૦૦/– ગણી કુલ કિ રૂા.૨૪૦૦૦/– તથા બીયરના ટીન નં.૨૪ જે એકની કિ રૂા.૧૦૦/– મળી કુલ રૂા.૨,૪૦૦/– મળી કુલ બોટલ નં.૮૪ મળી કિં રૂા.૨૬૪૦૦/– નો મુદ્દામાલ મળી આવેલ જે રાખવા બદલ પાસ પરમીટ માંગતા નહીં હોવાનું જણાવે. જેમાથી પકડાયેલ આરોપી કેશવભાઈ પાસેથી એક મોબાઈલ મળી આવેલ જેની કિં રૂા.૫૦૦૦/– ગણી જેથી તમામ બોટલો કંપનીના લેબ શીલ સાથે મળી આવેલ હોય જે પ્રોહી મુદ્દામાલની દરેક બ્રાન્ડમાથી નમુના માટે બે બે બોટલ નમુના તથા કંટ્રોલ સેમ્પલ માટે કાઢી લઈ પીઆઈ એલસીબી ભરૂના સીકકા સાથે શીલ કરી મળી આવેલ કુલ મુદ્દામાલ રૂા.૩૧ ૪૦૦/– પુચનામાની વિગતે વધુ તપાસ માટે કબજે કરેલ જે તમામ મુદ્દામાલનું વિગતવારનું પંચનામું તા.૪–૧૨–૨૦ ના કલાક ૧૭:૦૫ થી ૧૯:૨૦ સુધીનું કરેલું જે પંચનામું મને બતાવવામા આવે છે જે પીઅએસઆઈ શ્રી બરંડા સાહેબ રૂબરૂનું છે જેમા પંચો તથા બરંડા સાહેબની સહી હું ઓળખી બતાવું છું જે આંક–૧૧ થી રજુ છે તે તેજ છે, આ અંગે અહેકો પરેશભાઈએ આરોપી વિરુધ પ્રોહી એકટની કલમ–૬૫એઈ, ૮૧ મુજબ ની કાયદેસરની ફરીયાદ પરેશભાઈએ પીએસઆઈ શ્રી રૂબરૂ આપેલી. જે અશલ ફરીયાદ મને બતાવવામા આવે જેમા ફરીયાદીની સહી છે જે હું ઓળખી બતાવું છું જે આંક–૨૦ થી રજુ છે તેજ છે. સદરહુ ગુનાના કામે ફરીયાદ તથા પંચનામું તપાસના કામે ઓને સુપ્રત

કરવામા આવેલુ જે અંગે અંકલેશ્વર શહેર પો.સ્ટે. ગુ.ર.નં.૮૭૧/૨૦, પ્રોહી એકટ કલમ-૬૫એઈ, ૮૧ મુજબની એફઆઈઆર પીએસઓ રૂબરૂ તૈયર કરવામા ઓલી જેમા પીએસઓની સહી છે જે હું ઓળખી બતાવું છું જે એફઆઈઆરને રજુ દાખલ **આંક-૨૨** આપવામા આવે છે. ત્યાર બાદ સદરહુ ગુનાના કામે ફરીયાદ તથા પંચનામું ધ્યાને લઈ આગળની પતાસ કરતા લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા તેમજ સદરહુ ગુનાના કામે પકડાયેલ મુદ્દામાલ એફઅસએલમા ચકાસણી કરવા સારુ કાર્યવાહી કરેલી જે રવાનગી નોંધ અમો ધ્વારા તૈયાર કરવામા આવેલ કરી મોકલવામા આવેલ. આમ સદરહુ ગુનાના કામે ઓરપીઓ વિરુધ્ધ પુરતા પુરાવા હોય આરોપીઓની અટક કરી ના.કોર્ટમા ચાર્જશીટ કેરલ. હું આ કામના આરોપીઓને ઓળખું છે જેઓ આજ રોજ ના.કોર્ટમા હાજર નથી જેઅમોના વિ.વ.શ્રી ધ્વારા મુકતી રીપોર્ટ આપેલ હોય ઓળખની તકરાર જતી કરેલ છે.

**બચાવપક્ષ તરફે સદરહુ સાહેદની ઉલટતપાસ કરવામા આવેલ છે જેમા તેઓ જણાવે છે કે,** '' એ વાત ખરીછે કે, રેડમા કેટલા વાગે નીકળેલા અને કેટલા વાગે પહોંચેલા તે અમારી ફરીયાદમા જણાવેલ નથી. એ વાત ખરી છે કે, રેડમા કેટલા વાગે નીકળેલા તે કયુ વાહન લઈને નીકળેલા તેનો નંબર ફરીયાદમા જણાવેલ નથી. એ વાત ખરી છે કે, બનાવ વળો વિસ્તારેએ વાહનોની અવર જવાર વાળો વિસ્તાર છે. એ વાત ખરી નથી કે, આ કામના પંચોએ એ કાયમી પંચો છે. એ વાત ખરી છે કે, બંને પંચો કહેવાતા બનાવ સ્થળેથી દુર રહે છે. એ વાત ખરી નથી કે, પંચોને કોણ બોલાવવા ગયેલ તે મારી ફરીયાદમા જણાવેલ નથી. એવાત ખરી નથી કે, આવી કોઈ રેડ અંગેની કાર્યવાહી કરવામા આવેલી નથી. એ વાત ખરી છે કે, આરોપીઓ પાસેથી કોઈ પ્ર ોહી મુદ્દામાલ મળી આવેલો નથી. એ વાત ખરી છે કે, સાહેદો મારા સહ કર્મચારી છે. એ વાત નથી કે, બામમી મૌખીક મળેલ નથી. એ વાત ખરી નથી કે, મે ફકત તૈયાર

ફરીયાદમા સહી કરેલી. એ વાત ખરી નથી કે, બનાવ સ્થળેથી આરોપીઓને આરોપીની અટક કરવામા આવેલ નથી. એ વાત ખરી નથી કે, મે પંચનામા પો.સ્ટે. ખાતે જાતે તૈયાર કરી પાછળથી પંચોની સાહીઓ લીધેલ છે. એ વાત ખરી નથી કે, સાહેદોના નિવેદનો ફરીયાદ અનુરૂપ જાતે લખી લીધેલ છે. એ વાત ખરી નથી કે, આરોપી વિરુધ્ધ પુરતા પુરવાન ન હોવા છતાં ખોટુ ચર્જશીટ કરેલ છે. એ વાત ખરી નથી કે, સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છું ''

**(૧૦) ફરીયાદપક્ષે આંક–૧૯ થી ફરીયાદી પરેશભાઈ ગોવિંદભાઈનાઓને તપાસેલ છે.** '' ગઈ તા.૦૪–૧૨–૨૦ ના રોજ અમો એલસીબી ભરૂચ ખાતે અહેકો તરીકે ફરજ બજાવતા હતા તે સદરમીયાન પીએસઆઈ બરંડા સાહેબ નાઓ સાથે અમો તથા અન્ય પોલસના મણસો એલસીબી કચેરી ખાતે હાજર હતા તે વખતે અમોને તમેજ અમારા સાથેના અપકો મેહુલભાઈનાઓને સંયુકત રીતે બાતમી હકીકત મળેલ કે, ભરૂચ મુલત ટોલ ટેક્ષ ઉપર અંકલેશ્વરથી ભરૂચ જવના રોડ ઉપર ટોલ ટેક્ષ પાસ કર્યા બાદ રોડની સાઈડમા એક ભાવના રોડવેઝ નામની ટ્રક પડેલ છે જે ટ્રકની બાજુમા બે ઈશમો મીણીયા થેલામા કાંઈક શંકાસ્પદ લઈને ઉભેલ છે તે બાતમી આધારે પીએસઆઈ શ્રીને બાતમી હકીકતથી વાકેફ કરેલ ત્યાર બાદ પીઆઈ શ્રી એલસીબી ભરૂચના માર્ગ દર્શન આધારે બાતમી હકીકતથી પોલીસના માણસોને વાકેફ કરી સાથેના અહેકો દીલીપભાઈ નાઓને બે પંચોના માણસોને બે પંચોના માણસોને બોલાવવાનું કહેતા તે બોલાવી લાવેલા જેઓને બાતમી હકીતકથી વાકેફ કરી બે અલગ અલગ વાહનોમા બેસી બાતમી વાળી જગ્યાએ પહોંચેલા તેઓને વારાફરથી નામઠામ પુછતા કેશવભાઈ ઉર્ફે કીશોર શ્રીરંગ તથા ગ્યનેશ્વર તુકારામ બંને રહે. મહારાષ્ટ્રાના હોવાનું જણાવેલ તેઓ પાસે મીણીયા કોથડામા તપાસતા જુદા જુદા બોક્ષમા વીદેશી દારુ મળી આવેલ જેથી તે તમામ મુદ્દામાલ વાહનમા મુકી અંકલેશ્વર એલસીબી પો.સ્ટે. ખાતે મોકલી આપેલ જે પંચો રૂબરૂ જોતા

તે ભારતીયા બનાવટના વિદેશી દારૂની બોટલો હતી જે ૬૦ નંગ એકની કિ રૂા.૪૦૦/– ગણી કુલ કિ રૂા.૨૪૦૦૦/– તથા બીયરના ટીન નં.૨૪ જે એકની કિ રૂા.૧૦૦/– મળી કુલ રૂા.૨,૪૦૦/– મળી કુલ બોટલ નં.૮૪ મળી કિં રૂા.૨૬૪૦૦/– નો મુદ્દામાલ મળી આવેલ જે રાખવા બદલ પાસ પરમીટ માંગતા નહીં હોવાનું જણાવે. જેમાથી પકડાયેલ આરોપી કેશવભાઈ પાસેથી એક મોબાઈલ મળી આવેલ જેની કિં રૂા.૫૦૦૦/– ગણી જેથી તમામ બોટલો કંપનીના લેબ શીલ સાથે મળી આવેલ હોય જે પ્રોહી મુદ્દામાલની દરેક બ્રાન્ડમાથી નમુના માટે બે બે બોટલ નમુના તથા કંટ્રોલ સેમ્પલ માટે કાઢી લઈ પીઆઈ એલસીબી ભરૂના સીકકા સાથે શીલ કરી મળી આવેલ કુલ મુદ્દામાલ રૂા.૩૧૪૦૦/– પુચનામાની વિગતે વધુ તપાસ માટે કબજે કરેલ જે તમામ મુદ્દામાલનું વિગતવારનું પંચનામું તા.૪–૧૨–૨૦ ના કલાક ૧૭:૦૫ થી ૧૯:૨૦ સુધીનું કરેલું જે પંચનામું મને બતાવવામા આવે છે જે પીએએસઆઈ શ્રી બરંડા સાહેબ રૂબરૂનું છે જેમા પંચો તથા બરંડા સાહેબની સહી હું ઓળખી બતાવું છું જે આંક–૧૧ થી રજુ છે તે તેજ છે, આ અંગે અમોએ આરોપી વિરુધ પ્રોહી એકટની કલમ–૬૫એઈ, ૮૧ મુજબ ની કાયદેસરની ફરીયાદ અમોએ પીએસઆઈ શ્રી રૂબરૂ આપેલી. જે અશલ ફરીયાદ મને બતાવવામા આવે જેમા મારી સહી છે જે હું ઓળખી બતાવું છું જેને રજુ દાખલ **<u>આંક–૨૦</u>** આપવામા આવે છે. હું આ કામના આરોપીઓને ઓળખું છે જેઓ આજ રોજ ના.કોર્ટમા હાજર નથી જેઅમોના વિ.વ.શ્રી ધ્વારા મુકતી રીપોર્ટ આપેલ હોય ઓળખની તકરાર જતી કરેલ છે.

**બચાવપક્ષ તરફે સદરહુ સાહેદની ઉલટતપાસ કરવામા આવેલ છે જેમા તેઓ જણાવે છે કે,** '' એ વાત ખરીછે કે, રેડમા કેટલા વાગે નીકળેલા અને કેટલા વાગે પહોંચેલા તે અમારી ફરીયાદમા જણાવેલ નથી. એ વાત ખરી છે કે, રેડમા કેટલા વાગે નીકળેલા તે કયુ વાહન લઈને નીકળેલા તેનો નંબર ફરીયાદમા જણાવેલ નથી.

એ વાત ખરી છે કે, બનાવ વળો વિસ્તારેએ વાહનોની અવર જવાર વાળો વિસ્તાર છે. એ વાત ખરી નથી કે, આ કામના પંચોએ એ કાયમી પંચો છે. એ વાત ખરી છે કે, બંને પંચો કહેવાતા બનાવ સ્થળેથી દુર રહે છે. એ વાત ખરી નથી કે, પંચોને કોણ બોલાવવા ગયેલ તે મારી ફરીયાદમા જણાવેલ નથી. એવાત ખરી નથી કે, આવી કોઈ રેડ અંગેની કાર્યવાહી કરવામા આવેલી નથી. એ વાત ખરી છે કે, આરોપીઓ પાસેથી કોઈ પ્ર ોહી મુદ્દામાલ મળી આવેલો નથી. એ વાત ખરી છેકે, સાહેદો મારા સહ કર્મચારી છે. એ વાત નથી કે, બામમી મૌખીક મળેલ નથી. એ વાત ખરી નથી કે, મે ફકત તૈયાર ફરીયાદમા સહી કરેલી. એ વાત ખરી નથી કે, બનાવ સ્થળેથી આરોપીઓને આરોપીની અટક કરવામા આવેલ નથી. એ વાત ખરી નથી કે, કામગીરી દર્શાવવા ઉપલા અધીકારીના કહેવાથી હાલની ખોટી ફરીયાદ કરેલ છે. એ વાત ખરી નથી કે, સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છું.''

**પુરાવાનું પૃથ્થકરણ :-**

**(૨૩).** આમ,ફરિયાદપક્ષે રજુ કરવામાં આવેલ પુરાવો વંચાણે લેતાં, આ કામે પંચ સાહેદોએ પંચનામાની વિગતોને સમર્થન કરેલ નથી અને બંને પંચોને તેમની જુબાની દરમિયાન ફરી ગયેલ જાહેર કરવામાં આવેલ છે. અને આમપંચોની જુબાનથી પંચનામુ યોગ્ય રીતે પુરવાર થતુ નથી. અને આમ બનાવના દિવસે આરોપી પાસેથી પોલીસે પંચો રુબરુ દારુનો મુદામાલ કબજે લીધેલાનુ પુરવાર થતુ નથી. તથા આ કામે ફરિયાદી તથા સાહેદ તેમજ ત.ક.અમલદાર જે પોલીસના કર્મચારીઓ છે અને હીત ધરાવતા સાહેદ છે. આ કામે સાહેદોએ તેમની ઉલટ તાસમાં જણાવેલ છે કે બનાવવાળો વિસ્તાર વસ્તીવાળો વિસ્તાર છે. . વધુમાં આ કામનુ રેકર્ડ જોતાં બોટલ ઉપર જે લેબલ લગાવેલ હતા તે કંપનીના જવાબદાર અધિકારીનો જવાબ પણ લીધેલ નથી. આમ, તપાસ કરનારની તપાસ તટસ્થ તપાસ થયેલ હોવાનુ કહી શકાય નહીં. આ

કામે કબજે કરેલ મુદામાલનો લેબો.ટેસ્ટ કરાવેલ નથી કે મુદામાલ જે કંપનીનો છે તેના માલીકનો જવાબ આ કામે લીધેલ નથી. આ કામે એફ.એસ.એલ. રીપોર્ટ રજુ નથી. અને બોટલ સીલ અને લેબલ ઓરીજીનલ કંપનીના હતા તેની ખાતરી કરેલ હોય તેવુ જણાઈ આવતું નથી. આમ, ફરીયાદ પક્ષે તપાસવામાં આવેલ ફરીયાદી, સાહેદ પોતે પોલીસ સાહેદ હોઈ તેઓને સ્વાભાવિક રીતે જ પોતાનો કેસ પુરવાર કરવામાં રસ હોઈ શકે.પરંતુ તેઓની જુબાનીને આ કામે તપાસવામાં આવેલ સ્વતંત્ર પંચ સાહેદોની જુબાનીથી સમર્થન મળેલ નથી. આ કામે આરોપી સામેનો કેસ એ મુદામાલ રીકવર પંચોની જુબાની આધારીત પુરવાર થઈ શકે તેવો છે. અને તેમની જુબાની કેસ સાબીત કરવામાં મહત્વની છે. આ કામે પંચોએ પંચનામાની હકિકતોને સમર્થન કરેલ નથી. અને પંચોને તેમની જુબાની દરમિયાન ફરી ગયેલ જાહેર કરવામાં આવેલ છે. અને આમ તપાસ કરનારે મુદામાલ પંચો રુબરુ આરોપી કે આરોપીના કબજામાંથી કબજે કરેલાનુ પુરવાર થતુ નથી. વધુમાં ફરીયાદ પક્ષ આ કામે સ્વતંત્ર સાહેદોની જુબાનીથી ફરીયાદ હકિકત પુરવાર કરી શકેલ ના હોય, ફરીયાદી તથા સાહેદ પોલીસના સાહેદ હોય અને જેઓ હીત ધરાવતા સાહેદ છે તેઓની જુબાની ઉપર આધાર રાખી શકાય નહીં.

ફરીયાદ પક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ સમગ્ર પુરાવાનુ મૂલ્યાંકન કરવામાં આવે તો,આરોપી વિરુધ્ધ ધી ગુજરાત પ્રોહી. એકટની કલમ ૧૧૬ અન્વયે અનુમાન થઈ શકે તેવી કોઈ કાર્યવાહી તપાસ કરનાર અમલદાર ધ્વારા હાથ ધરવામાં આવેલી હોય તેવો કોઈ પુરાવો આ કામે રજુ થવા પામેલ નથી. હાલના કેસના ન્યાયિક નિર્ણયોસારુ નામ. ગુજરાત હાઈકોર્ટ ધ્વારા આપવામાં આવેલ કેટલાક ચુકાદાઓ જેમાં નામ. ગુજ.હાઈકોર્ટ ધ્વારા માર્ગદર્શક સિધ્ધાંતો પ્રસ્થાપિત કરવામાં આવેલ છે જે ધ્યાને લેવા મહત્વપુર્ણ બની રહેશે.

<u>નામ. ગુજરાત હાઈકોર્ટે ધીરજલાલ ગાંડાભાઈ વિ. સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદામાં કે જે ૧૯૯૧(૧) જીએલ આર. ૪૩૩</u> થી પ્રસિધ્ધ થયેલ છે. જેમાં પ્રસ્થાપિત

કરેલ છે કે, જો બોટલોને પંચોની સહીઓ સાથે સીલ કરવામાં આવેલી ના હોય અને પંચોનો પુરાવો દારુ મળી આવેલ તેવા ફરીયાદ પક્ષના પુરાવાને સમર્થન આપતો ના હોય તેવા કિસ્સામાં કલમ ૧૧૬(બી) અન્વયે દારુના કબજા અંગે ધારણા ઉત્પન્ન કરી શકાય નહીં.

વધુમાં <u>નામ. ગુજરાત હાઈકોર્ટે ગુલાબભાઈ રણછોડભાઈ અને અન્યો વિ. સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદામાં કેજે ૧૯૯૨(૨) જી.એલ.એચ. (અન રીપોર્ટેડ જજમેન્ટ) પાન નં. ૧૧</u> થી પ્રસિધ્ધ થયેલ છે જેમાં નામ. ગુજરાત હાઈકોર્ટ કલમ ૧૧૬(બી) અન્વયેનુ અનુમાન કરતાં પહેલાં ફરીયાદ પક્ષે કેટલીક હકિકતો પુરાવાથી પુરવાર કરવી પડે જે મુજબ ફરીયાદ પક્ષે પુરવાર કરવુ પડે કે, (૧) આરોપી સીલ બોટલના કબજામાં હતો (૨) સદર સીલ બોટલો ઉપર અસલ લેબલ લગાડેલ હતુ (૩) સદર લેબલ દારુની બ્રાન્ડ કઈ હતી તે દર્શાવતુ હોવુ જોઈએ. તેમજ સદર લેબલ તેના ઉત્પાદકનુ પણ નામ દર્શાવતુ હાવુ જોઈએ.વધુમાં જો લેબલમાં દર્શાવવામાં આવેલ ઉત્પાદક કંપનીના જવાબદાર અધિકારીને કોર્ટ સમક્ષ તપાસીને એ હકિકતપુરવાર કરવામાં ના આવે કે સદર દારુની બોટલો અસલ હતી ત્યાં સુધી પ્રોહીબીશન એકટની કલમ ૧૧૬ (બી) અન્વયેનુ અનુમાન થઈ શકે નહીં.

વધુમાં નામ. હાઈકોર્ટનો ચુકાદો <u>(૧) સ્ટેટ ઓફ ગુજરાત વિ. સુરેશભાઈ એસ. પટેલનો ચુકાદો કે જે (૨૦૧૧) ૨૬ જી. એચ. જે. (૧)</u> or <u>LAWS(GJH)-2010-11-33</u> પ્રસિધ્ધ થયેલ છે. જેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટના પ્રસ્થાપિત સિધ્ધાંત પ્રમાણે જયારે પંચ સાહેદો ફરિયાદપક્ષે ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર થાય ત્યારે ફરિયાદીના પુરાવા ઉપર આધાર રાખવો એ સલામતીભર્યુ ગણાય નહિં. નામ. ગુજરાત હાઈકોર્ટ ધ્વારા પ્રસ્થાપિત કરવામાં આવેલ ઉપરોકત માર્ગદર્શક સિધ્ધાંતોને ઘ્યાને લઈ હાલના કેસની હકિકતોની ચર્ચા કરવામાં આવે તો આ

કામે આરોપી પાસે થી મુદામાલ દારુ કબજે કરવામાં આવેલ હોય તેવી ફરીયાદ પક્ષની હકિકતોને સ્વતંત્ર પંચ સાહેદો સમર્થન આપતા નથી. આ કામે કબજે કરવામાં આવેલ મુદામાલનો એફ.એસ.એલ.માં મોકલી તેનો રીપોર્ટ મેળવી આકામે રજુ કરવામાં આવેલ નથી. તથા સદર કામે તપાસ કરનારે મુદામાલ બોટલો ઉપર જે ઉત્પાદક કંપનીના બ્રાન્ડ કે લેબલ હતા તે કંપનીના માણસનો કોઈ જવાબ લીધેલ નથી તેમજ આ કામે કબજે કરવામાં આવેલ દારુની બાટલો ઉપર જે લેબલ લાગેલા હતા તે જ કંપનીની આ દારુની બોટલો હતી. તે હકિકત દર્શાવતો કોઈ સ્વતંત્ર પુરાવો આ કામે રજુ થયેલ નથી. ફરીયાદ પક્ષે કોર્ટ સમક્ષ આવા કોઈ કંપનીના અધિકારીને તપાસેલ નથી. તેવા સંજોગોમાં આરોપી પાસેથી કબજે કરવામાં આવેલ બોટલોમા વિદેશી દારુ જ હતો તેવી હકિકત માની શકાય નહીં. અને તે સંજોગોમાં આ કામના આરોપીના કબજામાં દારુ હતો એવુ માની શકાય નહીં. આમ, ફરીયાદ પક્ષ આ કામે આરોપી વિરુધ્ધ આક્ષેપાયેલ ગુન્હો નિ:શંક પણે પુરવાર કરી શકેલ ન હોઈ જેથી મુદ્દા નં.૧ નો જવાબ નકારમા ઠરાવી છુ અને મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામા આવે છે.

**–:: હુકમ ::–**

(૧) ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૮(૧)અન્વયે આરોપીઓને પ્રોહીબીશન એકટની કલમ–૬૫ (એ)(ઈ),૧૧૬(બી) મુજબ શિક્ષાને પાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવામા આવે છે.

(૨) આ કામે કબ્જે કરવામાં આવેલ મુદામાલનો અપીલ સમય વિત્યેથી નિયમોનુસાર નિકાલ કરવો.

(૩) ફોજદારી કાર્યરીતિ સંહીતાની કલમ–૪૩૭(એ) અન્વયે આરોપીઓએ

અપીલ કોર્ટમાં હાજર રહેવાની બાહેધરી માટે અગાઉ આપેલ જામીન, હુકમ તારીખથી છ માસ માટે ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ: ૩૦ મી , માહે. માર્ચ , સને: ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં મારી સહી કરી વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૩૦/૦૩/૨૦૨૬
સ્થળ : અંકલેશ્વર

**(વિજયકુમાર આર. સોલંકી)**
એડી.ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ ,
અંકલેશ્વર , જીલ્લો–ભરૂચ.
**કોડ નં.જી.જે.૦૧૧૬૫**